#045

👩 શ્રેષ્ઠ ગુરુ

મિત્રો, જીવનમાં આવતો દરેક અનુભવ – સારો હોય કે ખરાબ – એ આપણો ગુરુ છે. જ્યારે સફળતા મળે ત્યારે આત્મવિશ્વાસ મળે છે… અને જ્યારે નિષ્ફળતા મળે ત્યારે સમજ મળે છે.

જો બાળક ચાલતા શીખતું હોય અને પડી જાય, તો શું એ ચાલવું છોડે છે? નહીં!
એ ફરી ઊભું થાય છે… કારણ કે એને ખબર છે કે પડવું એ શીખવાનો ભાગ છે.

જેમ થોમસ એડિસન એ હજારો પ્રયાસો પછી બલ્બ બનાવ્યો હતો.
એમણે કહ્યું હતું – “હું નિષ્ફળ થયો નથી, મેં માત્ર હજારો એવા રસ્તાઓ શોધ્યા છે જે કામ કરતા નથી.”

આપણા જીવનમાં પણ એવું જ છે.
દરેક ભૂલ આપણને વધુ સારા બનાવે છે.
દરેક મુશ્કેલી આપણને મજબૂત બનાવે છે.
દરેક અનુભવ આપણને આગળ વધવા માટે તૈયાર કરે છે.

તો આજથી જ નક્કી કરીએ–
નિષ્ફળતાથી ડરશું નહીં…
અને અનુભવમાંથી શીખતા રહીશું…
અને જીવનને આપણા શ્રેષ્ઠ ગુરુ તરીકે સ્વીકારી ચાલતા રહીશું.

કારણ કે… દરેક અનુભવ કાઈક શીખ જરૂર આપે છે. ✨